# સંપાદકીય

## ઝિનપિંગ આજીવન રાષ્ટ્રપતિ !

ચીનમાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન પદ ઉપર મહત્તમ સતત બે કાર્યકાળની મર્યાદા સમાપ્ત કરી દેવાનાં ચીની કોમ્યુનિસ્ટ પાર્ટીનાં પ્રસ્તાવને પૂરી દુનિયાએ ગંભીરતાથી લીધું છે. ૧૯૮૨નાં સંવિધાન થકી લાગુ આ નિયમની નાબુદીનો અર્થ એવો કરવામાં આવે છે કે વર્તમાન રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ પણ માઓત્સે તુંગની માફક આજીવન રાષ્ટ્રપ્રમુખ બની રહેશે. ચીનનું સરકાર મીડિયા આ ઘટનાક્રમને આવકાર્ય અને જરૂરી પગલાં તરીકે પેશ કરે છે તો પશ્ચિમી દેશોમાંથી આને તાનાશાહી લાગુ થવાની પૂર્વભૂમિકા ગણાવતી આલોચનાઓ પણ થઈ છે. શી ઝિનપિંગે હજી તો પોતાનો બીજો કાર્યકાળ આરંભ જ કર્યો છે અને તેની અવધિ ૨૦૨૨ સુધીની છે. ત્યારે અત્યારથી આવા પ્રસ્તાવની આવશ્યકતા કેમ ઉભી થઈ? તેનો જવાબ ઉત્તરાધિકારની એ પ્રક્રિયામાં મળે છે જેની જોગવાઈ ચીનનાં ૧૯૮૨નાં સંવિધાનમાં કરવામાં આવેલી. આ પ્રક્રિયા અનુસાર આશરે દોઢ દાયકા પૂર્વેથી એ સ્પષ્ટ થવા લાગતું હોય છે કે આગળ જતાં કોણ રાષ્ટ્રપતિ બનશે. પોલિટબ્યુરો સમિતિનાં અન્ય સભ્યોને પણ અણસાર હોય જ છે કે આગળ જતાં કોણ છે ઉગતો સૂર્ય. આ સંજોગોમાં બીજો કાર્યકાળ શરૂ થાય તે સાથે જ અમલદારોનો ઝુકાવ આવનારા બીજા નેતા તરફ દેખાવા લાગે છે. એટલે કોમ્યુનિસ્ટ પાર્ટીનાં પ્રસ્તાવથી આગળ જતાં જે કંઈ થવાનુ હોય તે ભલે થાય પણ એટલો ફર્ક ચોક્કસ પડશે કે શી ઝિનપિંગનાં વર્તમાન કાર્યકાળમાં સત્તાનું ગુરુત્વ કેન્દ્ર તેમની પરિધિમાં જ રહેશે. ચીનની રાજનીતિમાં આવી રહેલાં આ પરિવર્તનની ભારત ઉપર થનારી અસરોની વાત કરીએ તો ઝિનપિંગનાં વિસ્તારવાદી બેલ્ટ-રોડ અને ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર જેવા પ્રકલ્પોને વધુ બળ મળશે અને તે ભારત માટે બેચેનીનાં મુખ્ય કારણો છે. વળી, અધિક શક્તિશાળી ઝિનપિંગનાં નેતૃત્વમાં ચીન આક્રમક વિદેશ અને સંરક્ષણ નીતિમાં આગળ વધશે. પછી તે એશિયાખંડની વાત હોય કે પછી ભારત-ચીન વચ્ચે વાસ્તવિક અંકુશરેખાનો મુદ્દો કેમ ન હોય. ડોકલામથી માંડી અરૂણાચલ મુદ્દે ભારત-ચીન વચ્ચે કશ્મકશ ચાલતી રહી છે. જો કે, ડોકલામનાં ભારતે બહાદૂરીપૂર્વકનું પગલું લેતા ચીને પીછેહઠ કરવી પડી હતી. અરૂણાચલને ચીન વિવાદીત પ્રદેશ સમજે છે. દલાઈ લામાથી માંડી દેશના વડાપ્રધાન અહીં મુલાકાત લે ત્યારે ચીનના પેટમાં તેલ રેડાય છે. એશિયા ભૂખંડમાં ભારત અત્યારે એક ઉભરતી શક્તિ છે અને ચીનને ભારત હંમેશથી ખૂંચતું આવ્યું છે. આ સ્થિતિમાં વૈશ્વિકમંચો ઉપર પણ ભારતનું કદ વેતરવા માટે ચીનનાં અદેખાઈભર્યા કાકરીચાળા પણ વધવાની આશંકા છે. એશિયામાં વડાઈ અકબંધ રાખવા માટે કૂટનૈતિક મોરચે ચીન વધુ હુમલાખોર બનશે ત્યારે રાજધાની દિલ્હીએ હવે ચીન સાથેનાં સંબંધોમાં વધુ સાવચેતી વર્તવી જ પડશે.

## કોઢીયાનું ગુરુદ્વારા

એક વખત ગુરુ નાનક દેવ ધર્મનો પ્રચાર કરતાં ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરી જિલ્લાના એક ગામમાં પહોંચ્યા. તેમની સાથે ભાઈ મરદાના પણ હતા. એ ગામમાં રહેનારા લોકો સંત-મહાત્માઓના મહત્વથી બિલકુલ અજાણ હતા. એ જ કારણે તેમણે બંને સંતોને રાત્રે આશ્રય આપવાનો ઈન્કાર કરી દીધો. ગામની બહાર એક કુટિરમાં એક કોઢીયો વ્યક્તિ રહેતો હતો. કોઢ થવાને કારણે તેને ગામની બહાર હાંકી કઢાયો હતો. તેણે બંને સાધુઓને આમ જતાં જોયા, એટલે આદરથી હાથ જોડીને પ્રણામ કર્યા અને તેમને પોતાની કુટિરમાં રોકાવાની અરજ કરી. સવાર થતાં જ કોઢીયાએ ગુરુજીને કહ્યું, ‘બાબા, ગામ લોકો મારાથી બહુ ઘૃણા કરે છે. કહે છે કે મારા શરીરમાંથી નીકળી રહેલ દુર્ગંધથી અન્ય ગામલોકોને પણ આ રોગ થઈ જશે. તેથી મને ગામની બહાર કાઢી મૂક્યો છે, જ્યારે મારો આખો પરિવાર ગામની અંદર રહે છે. તેઓ તેમને પણ મને મળવા નથી દેતા. હવે તમે જ કહો કે મારું કલ્યાણ કઈ રીતે થાય?’ ગુરુજીના મુખમાંથી સહસા નીકળી ગયું, ‘જીઓ તપત હૈ બારોબાર, તપ-તપ ખપૈ બહુત બેકાર. જો તન બાણી બિસર જાએ, જિઓ પક્કા રોગી બિલલાએ.’ ગુરુ નાનકજીની પવિત્ર વાણી સાંભળીને કોઢી તેમના ચરણોમાં પડી ગયો અને તેમના આશીર્વાદથી તે સાજો-સમો થઈ ગયો. ગામલોકોને જ્યારે ખબર પડી કે તે બંને સિદ્ધ સંતો છે, જેમણે કોઢીયાને સ્વસ્થ કરી દીધો છે, તો તેઓ દોડતા કુટિરમાં આવ્યા અને ગુરુ નાનક દેવજીના ચરણોમાં પડીને ક્ષમા માંગવા લાગ્યા.

## જવાબદાર કોણ?

પંજાબ નેશનલ બેંકમાં કૌભાંડ બાદ જે રીતે જાણીજોઈને લોન પરત નહી કરનારા જે રીતે ખુલવા પામ્યા, તેને જોતાં નાણાં મંત્રાલયની સક્રિયતા સ્વાભાવિક છે, પરંતુ સારું થાત કે તેણે સરકારી બેંકોને જેવા નિર્દેશ અત્યારે આપ્યા, તેવા પહેલાંથી જ આપ્યા હોત. ફાઈનાન્સ સેક્રેટરીએ તમામ સરકારી બેંકોના પ્રબંધ નિર્દેશકોને કહ્યું છે કે તેઓ ૫૦ કરોડથી વધારે એનપીએવાળાં ખાતાંની તપાસ કરે અને જરૂર પડ્યે એટલે કે છેતરપિંડીની આશંકા પર સીબીઆઇ, ઈડી અને રાજસ્વ ગુપ્તચર નિર્દેશાલયને બાતમી આપે. આ નિર્દેશથી એ જ સંકેત મળે છે કે સરકારી બેંકો સામાન્ય રીતે તેની તપાસ કરતી ન હતી કે તેની લોન છેતરપિંડીને કારણે એનપીએમાં તો તબદીલ નથી થઈ રહી ને? તેની પુષ્ટિ તેનાથી થતી હોય છે કે કેટલીય બેંકોએ જાણી જોઈને લોન પરત નહી કરનાર વિશે સીબીઆઈ અને ઈડીને જાણકારી ત્યારે આપી, જ્યારે કૌભાંડી નીરવ મોદીના વિદેશ ભાગી જવાના સમાચાર આવ્યા. આ જ કારણ છે કે લોન ચૂકવવામાં સમર્થ હોવા છતાં પણ નહી ચૂકવનારાઓના નિત નવા કિસ્સા ખૂલતા જાય છે. તેમાંથી કેટલાક કિસ્સા તો એવા પણ છે કે લોન લેનારા વિશે એ જ નથી ખબર કે તેઓ દેશમાં છે કે વિદેશમાં. આ બધાથી કુલ મળીને એ જ રેખાંકિત થાય છે કે બેંકોનું મેનેજમેન્ટ અવ્યવસ્થાનો પર્યાય બની ચૂક્યું હતું અને કોઈને એની પરવા ન હતી કે ફસાયેલી લોન વસૂલ કરવાની છે. નિઃસંદેહ આ સ્થિતિ માટે રિઝર્વ બેંકની પણ જવાબદારી બને છે, પરંતુ તેની સાથે સાથે નાણાં મંત્રાલય પણ જવાબદાર છે. કારણ કે બેંકોના બોર્ડમાં સ્વતંત્ર નિર્દેશકોની નિયુક્તિ સરકાર કરે છે અને બેંકોના ચેરમેન પણ તેના તરફથી જ નિયુક્ત કરવામાં આવે છે, તેથી તે તમામ દોષ રિઝર્વ બેંક પર નાખીને કર્તવ્ય પૂરું થયાનું માની ન શકે.

સરકારી બેંકોના ગેરવ્યવસ્થાપન માટે કોઈને કોઈ સ્તરે ઓડિટિંગની હાલની વ્યવસ્થા પણ જવાબદાર છે. નોટબંધી બાદ સરકારને તેનો આભાસ સારી રીતે થઈ ગયો તો કે ઓડિટર પોતાનું કામ યોગ્ય રીતે કરી રહ્યા નથી. તેણે ત્યારે જ એ જોવું જોઇતું હતું કે બેંકોના ઓડિટના નામે ક્યાંક ખાનાપૂર્તિ અને ઢાંકપિછોડો તો નથી થઈ રહ્યો ને? કમ સે કમ હવે તો એ જોવું જ જોઇએ, ઉપરતી ઓડિટરોની સંસ્થા આઇસીએઆઇ દ્વારા એ સુનિશ્ચિત કરવું જોઇએ કે બેંકોનું ઓડિટ નીર-ક્ષીર રીતે કરવામાં આવે. પંજાબ નેશનલ બેંકમાં કૌભાંડ બાદ આઇસીએઆઇ તરફથી એમ કહેવું એક હદ સુધી સાચું છે કે તપાસ પૂરી નહી થવા સુધી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના વ્યવસાય વિશે નિષ્કર્ષ કાઢવો યોગ્ય નથી. આ અપેક્ષા યોગ્ય નથી, કારણકે ફસાયેલી લોનની રકમ લગભગ આઠ લાખ કરોડ રૂપિયા પહોંચી ગઈ છે અને જાણીજોઈને લોન પરત નહીં ભરનારની સંખ્યા પણ વધતી જાય છે. બહેતર રહેશે કે નાણાં મંત્રાલય ફક્ત બેંકોને નિર્દેશ જારી કરવા સુધી જ સીમિત ન રહે. તેણે કોઈપણ ભોગે એ નિશ્ચિત કરવું જોઇએ કે તેના નિર્દેશોનું પાલન પણ થાય. તેની સાથે જ તેણે તમામ જવાબદાર વ્યક્તિઓ અને સંસ્થાઓની જવાબદારી પણ નક્કી કરવી પડશે.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

# આસાનીથી નહીં સુધરે પાકિસ્તાન

ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ એટલે કે એફએટીએફએ પાકિસ્તાનને ‘ગ્રે’ યાદીમાં મૂકવાની તૈયારી કરી લીધી છે. આ એ દેશોની નિરીક્ષણ યાદી હોય છે જેઓ આતંકી સમૂહો સુધી નાણાંકીય સંસાધનોનો પૂરવઠો સક્ષમ રીતે રોકી શકતા નથી. જોકે અત્યાર સુધી તેની સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ તેમ છતાં એક આર્થિક પગલા રૂપે પાકિસ્તાનની અર્થવ્યવસ્થાએ આ નિર્ણયની ભારે કિંમત ચૂકવવી પડશે, કારણ કે તેનાથી આંતરરાષ્ટ્રીય નાણાંકીય લેણદેણ મુશ્કેલ અને મોંઘી થઈ જશે. વિશેષ કરીને પાકિસ્તાની બેંકોમાં વૈશ્વિક ભરોસામાં કમી આવશે. સાથે જ એવી લેણદેણ ગહન નિરીક્ષણના દાયરામાં પણ આવી જશે અને પાકિસ્તાનના સામાન્ય આંતરરાષ્ટ્રીય આર્થિક લેણદેણમાં વિલંબ પણ થશે. પાકિસ્તાન કોઈપણ હાલતમાં એવી સ્થિતિમાં પડવા નહીં માંગે, ખાસ કરીને ત્યારે જ્યારે તે એફએટીએફના નિશાના પર આવીને પહેલાં પણ તેનું નુક્સાન ભોગવી ચૂક્યું છે, જ્યારે ૨૦૧૨થી ૨૦૧૫ વચ્ચે તેને ‘ગ્રે’ યાદીમાં મૂકી દેવાયું હતું. એફએટીએફના નિર્ણયના જ્યાં પાકિસ્તાન માટે ગંભીર નિહિતાર્થ છે, ત્યાં જ તેના રાજકીય અને કૂટનીતિક હાલત માટે પણ વધારે ચિંતાનો વિષય છે. પેરિસમાં થયેલ હાલની બેઠકમાં પાકિસ્તાન પર સકંજો કસવાની તૈયારીથી પહેલાં શરૂઆતી ચર્ચામાં ચીન, સઉદી અરબ અને તુર્કીએ પાકિસ્તાનને નિરીક્ષણ યાદીમાં નાખવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો. વિરોધને લઈને તેની દલીલ એ જ હતી કે પાકિસ્તાનને ત્રણ મહિનાની મોહલત આપવામાં આવે, જેથી તે બેંકિંગ ક્ષેત્રમાં જરૂરી પગલાં ઉઠાવીને એફએટીએફને સંતુષ્ટ કરી શકે અને જો ત્યાર બાદ પણ તે આ માપદંડ પર ખરું ન ઉતરે તો તેને નિરીક્ષણ યાદીમાં મૂકવામાં આવે. પાકિસ્તાને વિચાર્યું કે પોતાના મિત્રોની મદદથી તેણે આ મોહલત મેળવી લીધી છે. ત્યાં સુધી કે પાકિસ્તાની વિદેશ મંત્રી ખ્વાજા આસિફે પણ આ મોરચે પોતાના દેશની સફળતાને લઈને ટ્વીટ પણ કરી દીધું. ત્યાં જ અમેરિકા પાકિસ્તાનને એવી કોઈપણ છૂટ આપવા માટે તૈયાર ન હતું. તેણે સઉદી અરબને મજબૂર કર્યું કે તે પાકિસ્તાનને ઘેરવામાં તેની મદદ કરે. તેણે પાકિસ્તાનને લઈને વધુ એક બેઠક બોલાવવાની માંગ કરી. બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ અમેરિકાનું સમર્થન કર્યું. ત્યાં જ ચીન પણ મોઘમમાં સમજી ગયું હતું.

પાકિસ્તાની મીડિયામાં આવેલ એક રિપોર્ટ અનુસાર ચીને પાકિસ્તાનને સૂચિત કર્યું કે તે આગામી દોરમાં ચર્ચા અને મતદાનથી અલગ રહેશે. હવે ફક્ત તુર્કી પાકિસ્તાન સાથે રહ્યું. હાલના દોરમાં અમેરિકા સાથે તુર્કીના સંબંધો પણ થોડા બગડ્યા છે. આખરે એફએટીએફે પાકિસ્તાનને ત્યાં સુધી માટે નિરીક્ષણ યાદીમાં નાખવાનો નિર્ણય કર્યો જ્યાં સુધી કે તે નાણાંકીય સંસ્થાઓને સંપૂર્ણ રીતે સજ્જડ સુરક્ષિત કરીને એ સુનિશ્ચિત ન કરે કે તેઓ કોઈપણ રીતે આતંકીઓ દ્વારા ઉપયોગ થવાની આશંકાને દૂર કરશે. જોકે આ પ્રક્રિયામાં ત્રણ મહિનાનો સમય લાગશે, તો અંતિમ નિર્ણય એફએટીએફની આગામી બેઠકમાં જ લેવામાં આવશે. જો પાકિસ્તાન કોઈ સ્વીકાર્ય યોજના રજૂ નહીં કરે તો એફએટીએફ તેને કાળી યાદીમાં પણ નાખી શકે છે. હાલમાં ફક્ત ઈરાન અને ઉત્તર કોરિયા જ કાળી યાદીમાં સામેલ છે. સુરક્ષા અને વિદેશ નીતિને સંચાલિત કરનારી પાકિસ્તાની સેના રાહત માટે હંમેશાં પોતાના સદાબહાર દોસ્ત ચીન પર ભરોસો કરે છે. તે એમ માનીને ચાલી રહી હતી કે એફએટીએફ જેવી મુશ્કેલીમાંથી ચીન તેને બહાર કાઢી લેશે, પરંતુ આ વખતે ચીને એવું ન કર્યું. તેણે નિર્ણય કર્યો કે તે અમેરિકાની સામે નહી પડે, કારણ કે કદાચ તેને સફળતા ન પણ મળે. તેનો અર્થ એ નથી કે ચીન તમામ મામલે પાકિસ્તાનને તેની હાલત પર આમ જ છોડી દેશે.

ભારતે એ આશા બિલકુલ ન રાખવી જોઇએ કે મસૂદ અઝહરને આતંકીઓની યાદીમાં નાખવા અને ભારતને પરમાણુ પૂરવઠા દેશો એટલે કે એનએસજીમાં સ્થાન અપાવવામાં તે કોઈ પ્રકારની મદદ કરશે. તેમ છતાં પાકિસ્તાન તેનાથી એક બોધ જરૂર લેશે કે જો અમેરિકા તેના પર દબાણ બનાવવા માંડે તો પછી તેનો મિત્ર પણ તેની મદદ નહી કરી શકે. શું તેનો અર્થ એ છે કે પાકિસ્તાન લશ્કરે તૈયબા, જૈશે મોહંમદ અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા આતંકી સંગઠનો પર લગામ લગાવશે?

આ વિશે હજુ કશું કહેવું કઠિન છે, પરંતુ એફએટીએફની કાર્યવાહીના તરત બાદ પાકિસ્તાનનું સૌથી પ્રભાવશાળી અખબાર ડોનના સંપાદકીય પર ધ્યાન આપવું જરૂરી છે, જેનો અર્થ કંઈક આવો છે, ‘હવે એ સતત સ્પષ્ટ થતું જાય છે કે પાકિસ્તાન પોતાની એ નીતિને કારણે દુનિયાભરમાં અલગ-અટૂલું પડતું જાય છે જે અંતર્ગત એમ કહેવામાં આવે છે કે તે પોતાની સત્તાવાર નીતિમાં આતંકી કહેવાતા સમૂહોને આશ્રય આપે છે.’ ભારત પણ બે દાયકાઓથી આ જ કહેતું આવ્યું છે. હવે પાકિસ્તાનના સૌથી પ્રતિષ્ઠિત અખબારે પણ આ સ્વીકાર કર્યો છે. શું પાકિસ્તાની સેનાના જનરલ આ ચેતવણીને ગંભીરતાથી લેશે? એમાં કોઈ શંકા નહીં કે અમેરિકી કાર્યવાહી પાકિસ્તાની સેનાને ચોક્કસ ચિંતામાં નાખશે, જે અત્યાર સુધી એમ માનીને બેઠી હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પની તમામ આકરી ચેતવણીઓ છતાં તેમની અફઘાનિસ્તાન અને દક્ષિણ એશિયા નીતિ તેમના પૂર્વવર્તીઓ કરતાં વધારે અલગ નહીં હોય. પાકિસ્તાની સેના એ પણ માનીને ચાલતી હતી કે ટ્રમ્પ એટલું દબાણ નહીં વધારે કે તેને બીજા દેશોમાં આતંક ફેલાવનારા આતંકી સમૂહો પર લગામ લગાવવી પડે.

એફએટીએફ બેઠકમાં અમેરિકી પ્રસ્તાવ દર્શાવે છે કે પાકિસ્તાની જનરલોએ કોઈને કોઈ બનાવટી પગલાં જરૂર ભરવાં પડશે, પરંતુ શું તેઓ આ સમૂહોને મૂળમાંથી ખતમ કરવાનું વિચારશે? જ્યાં સુધી આ મામલે કોઈ સચોટ સંકેત ન મળે ત્યાં સુધી આ સવાલનો જવાબ ના જ હશે. તેનાં તમામ કારણો છે. પાકિસ્તાનની વિદેશ અને રક્ષા નીતિઓ ભારત કેન્દ્રિત છે. પાકિસ્તાન ભારતને સ્થાયી ખતરા અને દુશ્મન તરીકે જુએ છે. ભારતના તથાકથિત ખતરાના તોડ માટે તેણે એવો સુરક્ષા સિદ્ધાંત અપનાવી લીધો છે જેના એક છેડે પરમાણુ બોમ્બ છે તો બીજા છેડે આતંકી સમૂહ. એવું એટલા માટે, કારણ કે તેના સુરક્ષા દળ ભારત કરતાં કમજોર છે. આતંકી સમૂહોનો ઉપયોગ તેના સુરક્ષા સિદ્ધાંતનું મહત્ત્વનું પાસું છે. તેના દ્વારા પાકિસ્તાન ભારતને રક્ષાત્મક બનાવીને કાશ્મીર મામલે દખલ ઈચ્છે છે. પાકિસ્તાની સેના વિકલ્પહીનતાની સ્થિતિમાં જ આતંકી સમૂહોને તિલાંજલિ આપશે. એફએટીએફની કાર્યવાહી દબાણ વધારશે, પરંતુ આ સેનામાં બદલાવની દૃષ્ટિએ અપૂરતું રહેશે. આતંકી સમૂહોએ પાકિસ્તાની સમાજ-રાજકારણમાં પણ ઊંડાં મૂળ જમાવી લીધાં છે. સૌથી પ્રભાવશાળી પ્રાંત પંજાબમાં તેને વ્યાપક સમર્થન હાંસલ છે. આ સમૂહો પર કડક કાર્યવાહીથી અસંતોષ અને ત્યાં સુધી કે હિંસક ગતિવિધિઓ પણ ફેલાઈ શકે છે. સેનાના લોકો માટે પણ આ સમૂહોના નેતા નાયકનો દરજ્જો ધરાવે છે. ધ્યાન રહે કે પૂર્વ રાષ્ટ્રપતિ અને સેના પ્રમુખ રહેલા જનરલ પરવેઝ મુશર્રફ આતંકી હાફિઝ સઈદને હીરો ગણાવી ચૂક્યા છે.

# તન રંગ લો જી, આજ મન રંગ લો...

આજે રંગોનો તહેવાર છે. ગુજરાતમાં આ તહેવાર ધૂળેટીના નામે ઓળખાય છે, દેશના બાકીના રાજ્યોમાં હોળી તરીકે જ મનાવાય છે. ગુજરાતી લોકો દરેક તહેવારને પોતાની આગવી રીતે મનાવે છે. આપણે હોળી અને પછીના દિવસે ધૂળેટી મનાવીએ છીએ. જનાઃ ખલુ ઉત્સવ પ્રિયાઃ એટલે કે લોકો તહેવારના ઉત્સુક છે. એમ પણ ભારતીય કેલેન્ડરમાં એક પણ મહિનો એવો નહીં હોય જેમાં કોઈ તહેવાર આવતો ન હોય. ભારતની સંસ્કૃતિ હર્ષોલ્લાસની સંસ્કૃતિ છે, આપણા એકપણ તહેવાર એવા નહીં હોય જેમાં આનંદ અને ઉત્સાહની છોળ ન ઉડતી હોય.

અત્યારે ફાગણ મહિનો ચાલે છે. ફાગણ મહિનો રંગોનો મહિનો છે. રંગોનું અપાર વૈવિધ્ય આપણા દેશની સંસ્કૃતિમાં શ્વસી રહ્યું છે. આ મહિનામાં પ્રકૃતિ પણ શોક ત્યજીને રંગબેરંગી બનતી હોય તો માનવજાતિ ક્યાંથી પાછળ રહે? કોઈ કવિએ બહુ સરસ લખ્યું છે કે ફાગણનો ફાગ અને ટહુકાનો સાદ પછી મલક્યા વિના તે કેમ રહીએ, કામણ કીધાં છે કંઈ કેસૂડે એવા કે ટહૂક્યા વિના તે કેમ રહીએ? સાચી જ વાત છે ને? હાલમાં વસંત પૂરબહારમાં ખીલી છે. આમ્ર મંજરીઓમાં કોયલના મધમીઠા ટહૂકા કાનમાં અમૃત રેડી રહ્યા છે, પરંતુ એને ઝીલવાની શ્રવણક્ષમતા અને કદાચ પ્રકૃતિને માણવાની સંવેદનશીલતા આપણે ગુમાવતા જઈએ છીએ. પ્રકૃતિ તો નિરંતર પોતાની લયમાં ગતિ કરતી રહે છે. પરંતુ આપણે આપણી અવિચારી પ્રવૃત્તિઓના કારણે પ્રકૃતિના લયને ખોરવી નાખવા લાગ્યા છીએ. ફાગણ મહિનામાં નહીં તો આટલી ગરમી જ ન હોય!

ફાગણ માસમાં ઠંડીની ધીમે પગલે વિદાય અને હળવે-હળવે વધતી ગરમી એમ એક સાથે બે ઋતુઓનો અનુભવ થતો હોય છે. ચૈત્ર-વૈશાખના પ્રખર તડકા સામે લડવા માટે નેટ પ્રેક્ટિસ કરાવતી આ રંગીલી મોસમ છે.

ઉત્સવોની પણ એક વિશિષ્ટ આબોહવા હોય છે. આજે એવો જ ઉત્સવ છે. રંગોનો ઉત્સવ, રંગવા અને રંગાવાનો ઉત્સવ. મન મૂકીને ભીંજાવાનો ઉત્સવ. પર્વોનું આગમન આપણી બજારોમાં આગોતરું અનુભવાય છે. અઠવાડિયા પહેલાં તો બજારમાં પિચકારી અને રંગોની છાકમછોળ દેખાવા લાગે છે. ઉત્સવને માણવાની સૌની પોતપોતાની રીત હોય છે. અબાલવૃદ્ધ સૌ પોતાની ઉંમર પ્રમાણે ઉત્સવોનો આનંદ માણતા હોય છે. તહેવારોની એ તો મજા છે, આપણી રૂટિન અને કંઈક અંશે બોરિંગ જિંદગીને રિચાર્જ કરે છે. તહેવારોની મજા એક કે બે દિવસની જ હોય, પરંતુ તેના દ્વારા મળેલી આનંદસભર ઊર્જાથી આપણા પછીના રૂટિન વર્ક કંટાળાજનક લાગતા નથી. કંટાળાજનક લાગે ત્યાં બીજો તહેવાર આવી જ ગયો હોય!

આપણા તહેવારો પણ પ્રતીતિકર છે. અનેક દૃષ્ટિકોણ એમાં સંકલાયેલા હોય. આપણા તહેવારો ધાર્મિક, સામાજિક, આરોગ્યવિષયક એમ અનેક દૃષ્ટિકોણથી ઉજવાતા હોય છે. હોળીનો તહેવાર એટલે હોળીનું દહન કરવામાં આવે છે. પૌરાણિક માન્યતા મુજબ હિરણ્યકશ્યપની બહેન હોલિકા પ્રહ્લાદને ખોળામાં બેસાડી સળગે છે. કહે છે કે હોલિકાને વરદાન હતું કે એને અગ્નિ બાળી ન શકે, પરંતુ પ્રહ્લાદની વિષ્ણુભક્તિ અને શ્રદ્ધાના કારણે હોલિકાનું દહન થયું અને ભક્ત પ્રહ્લાદ અણિશુદ્ધ, હેમખેમ બહાર આવ્યા. આ આખી પૌરાણિક બાબતને તાર્કિક રીતે વિચારીએ તો સત્યના માર્ગે ચાલનારને ખૂબ તપવું પડે છે. અગ્નિપરીક્ષાઓ આપવી પડે છે, અનેક કસોટીઓમાંથી પસાર થવું પડે છે. પરંતુ અંતે તો સત્યનો જ વિજય થાય છે. અહીં દૈવી વૃત્તિનો આસુરી વૃત્તિ અને સદ્ગુણોનો દુર્ગુણો પર વિજય જોવા મળે છે. હોળીમાં દહન કરવા જેવું ઘણું છે. અહંકાર, ક્રોધ, લોભ, માયા, મોહ, ઈર્ષા, ગુસ્સો જેવા રાક્ષસી વિચારોનું દહન થઈ જાય તો પછી આખું વર્ષ રંગોની રંગોળી જ છે ને!

આપણા જીવનમાં દરેક ક્ષેત્રે રંગોનું મહત્ત્વ છે. વિવિધ રંગો આપણા જીવન સાથે એવા ઓતપ્રોત થઈ ગયા છે કે એના વગરનું જીવન જ દુષ્કર લાગે છે. મોહે રંગ દે લાલ કહેતી નાયિકાને કદાચ ખબર પણ નહી હોય કે વાસ્તવમાં કોઈ વસ્તુમાં રંગ હોતો નથી, પરંતુ વિવિધ તરંગલંબાઈનાં પ્રકાશકિરણો વિવિધ રંગો પેદા કરે છે. રંગોનું પણ પોતાનું આગવું વિજ્ઞાન છે. દરેક માધ્યમમાં રહેલી વસ્તુ અલગ-અલગ રીતે પ્રકાશને પરાવર્તિત કરે છે અને શોષે છે. જેના પરિણામે આપણને વિવિધ રંગો દેખાય છે.

આપણા વાણી-વર્તનમાં પણ રંગોનો પ્રભાવ હોયછે. આપણી રંગોની પસંદગી ઘણાખરા અંશે આપણું વ્યક્તિત્વ પણ છતું કરે છે. આપણી આસપાસ રહેલા રંગોની પણ આપણા પર અસર થતી હોય છે. પ્રકૃતિ નિર્મિત દરેક ચીજવસ્તુમાં અલગ-અલગ રંગો છવાયા હોય છે. પ્રકૃતિથી મોટો કોઈ ચિતારો નથી, એટલે તો કહેવાયું છે કે યે કૌન ચિત્રકાર હૈ?

તમે કદી સૂર્યોદય વખતે અને સૂર્યાસ્ત વખતે પથરાતા રંગો જોયા છે? ધ્યાનથી કદી સવાર અને સાંજની રંગછટાઓ નિહાળી છે? દરેક ફૂલ વિશિષ્ટ રંગો ધરાવે છે. પતંગિયાને જ્યારે જોઈએ ત્યારે કુદરત કે ઈશ્વરને સલામ કરવાનું મન થાય. પતંગિયાના નાજુક શરીર પર એટલા બધા રંગોનું વૈવિધ્ય હોય કે વિચાર આવે કે ઈશ્વર ક્યારે પીંછી લઈ આ સુંદર રંગોનું નક્શીકામ કરવા બેઠો હશે? અજબ મિલાવટ કરી ચિતારે અજબ મિલાવટ કરી, રંગપ્યાલીઓ ભરી ચિતારે અજબ મિલાવટ કરી!

કુદરત પાસે જે રંગોનું વૈવિધ્ય છે તે અદ્ભૂત છે. ધ્રુવ પ્રદેશમાં આકાશમાં રચાતા રંગોની રંગોળી અરોરા ઈફેક્ટ તરીકે ઓળખાય છે. સૂર્યનાં કિરણોનું વક્રીભવન અને પરાવર્તનને કારણે ત્યાં એટલા બધા રંગોની રંગોળી ક્ષણે-ક્ષણે સર્જાય છે કે લોકો ખાસ એ જોવા માટે લાખો ડોલર ખર્ચી ત્યાં પહોંચે છે. રંગો આપણા સંસ્કાર અને સંસ્કૃતિના પ્રતીક પણ છે. ભારતીય સંસ્કૃતિમાં લાલ રંગનું ખૂબ મહત્ત્વ છે. શુભ પ્રસંગોમાં લાલ રંગનો જ ઉપયોગ થાય છે. જ્યારે કાળો અને સફેદ રંગ શુભ પ્રસંગોમાં વપરાતો નથી.

હોળીનો ઉત્સવ ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાનમાં ધામધૂમથી ઉજવાય છે. રાજસ્થાન તેની ભાતીગળ સંસ્કૃતિ અને રંગોની વૈવિધ્યસભરતા માટે ખૂબ જાણીતું છે. રાજસ્થાનની હોળી જેણે માણી હોય તે કદી ન ભૂલે. હોલીઓ મેં ઉડે રે ગુલાલ કહેતા તમામ વિવિધ રંગોથી જ રંગાયેલા હોય. કૃષ્ણની જન્મભૂમિમાં પણ હોળીનું ખૂબ મહત્ત્વ છે. વ્રજભૂમિની લઠ્ઠમાર હોળી તેની વિશિષ્ટતાને કારણે લોકોને ખૂબ આકર્ષે છે. બીરજમેં હોલી ખલત નંદલાલ કરતાં આ દિવસે તમામ કનૈયા અને તમામ ગોપીઓ હોળીના રંગોમાં રંગાઈ જાય છે.

હોળી એ તો મન મૂકી પોતાનાઓની સાથે ભીંજાવાનો તહેવાર છે. મન મૂકી રંગાઈ સામેવાળાને રંગી નાખવાનો આ તહેવાર ચૂકવા જેવો નથી. આજના આ રંગોના પર્વ નિમિત્તે કહેવાનું મન થાય કે ટહૂકા અને રંગોને બાદ કરે જે ફાગણમાંથી એ માણસને બાદ કરી દો સગપણમાંથી!

## કાર્તિની ધરપકડ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમની ધરપકડ પ્રતીક્ષિત જ હતી, કારણ કે તે તપાસ એજન્સીઓની સાથે સંતાકૂકડીની રમત રમી રહ્યા હતા. એને લઈને એવા સવાલ ઉભરી રહ્યા હતા કે શું સીબીઆઇ તેમની ધરપકડ કરવાની હિંમત નથી કરી શકતી? કાયદેસર તો તેમની બહુ પહેલાં ધરપકડ થઈ જવી જોઈતી હતી, કારણ કે તેઓ તપાસમાં સહયોગ કરવાને બદલે બહાનાં બનાવવા અને અદાલતોમાં ચક્કર મારવામાં પડ્યા હતા. એ ઠીક નથી કે કૌભાંડના આરોપી સાથે એટલા માટે નરમાઈ રાખવામાં આવે કે તે કોઈ રાજકીય શખ્સના પરિવારમાંથી આવે છે. ખરું તો એ છે કે પ્રભાવશાળી લોકો વિરુદ્ધ ક્યાંય વધુ સખ્તાઈ રાખવી જોઇએ. એના પર આશ્ચર્ય નહીં કે ખુદની પજવણી કરવાનાં રોદણાં રડી રહેલા પી.ચિદમ્બરમના પુત્રની ધરપકડ થતાં જ કોંગ્રેસે એમ કહેવામાં વાર ન કરી કે સરકાર રાજકીય બદલાની ભાવના હેઠળ કામ કરી રહી છે. આ એ જ બેસૂરો રાગછે, જે કૌભાંડમાં ફસાયેલ દરેક નેતા આલાપે છે. કાર્તિની ધરપકડ પર કોંગ્રેસી નેતા એવું રુદન કરી રહ્યા છે, જાણે કોંગ્રેસી નેતાઓ અથવા તેમના પરિજનોને કૌભાંડમાં સામેલ થવાના આરોપો બાદ પણ ધરપકડથી બચી રહેવાનો વિશેષાધિકાર પ્રાપ્ત હોય. આખરે એવા તર્કનો શો મતલબ કે કાર્તિની ધરપકડનો સમય યોગ્ય નથી. શું તેના માટે કોઈ શુભ મુહૂર્ત કાઢવાનું હતું? આ વિચિત્ર અને હાસ્યાસ્પદ છે કે સરકારને ભ્રષ્ટ તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહી કરવાનો પડકાર આપી રહેલ કોંગ્રેસ ભ્રષ્ટાચારના એક ગંભીર કિસ્સામાં કાર્તિની ધરપકડ બાદ સાન ગુમાવી બેઠી છે. બહેતર રહેશે કે તે સમજે કે આવાં નિવેદનોથી કશું થવાનું નથી કે વિપક્ષને ડરાવવાની કોશિશ થઈ રહી છે.

કાર્તિ ચિદમ્બરમની ધરપકડ આઈએનએક્સ કંપનીને કાનૂની સીમાથી વધારે વિદેશી રોકાણની તપાસ રોકાવવાને બદલે લાંચ લેવાના આરોપમાં કરવામાં આવી છે. સીબીઆઇનું માનીએ તો આઇએનએક્સને વિદેશી રોકાણ સંવર્ધન બોર્ડ એટલે કે એફઆઇપીબીએ ૪.૬૨ કરોડ રૂપિયાના વિદેશી રોકાણની અનુમતિ આપી હતી, પરંતુ કંપની અયોગ્ય રીતે ત્રણસો કરોડથી વધારેનું રોકાણ લાવી. જ્યારે તેનો ભાંડો ફૂટ્યો અને તપાસની નોબત આવી તો આ કંપની તરફથી પીટર મુખર્જી અને ઈન્દ્રાણી મુખર્જીએ કાર્તિનો સંપર્ક કર્યો. થોડા સમય બાદ તત્કાલીન નાણાં મંત્રી પી. ચિદમ્બરમે તપાસ બંધ કરી દીધી. પુત્રીની હત્યાના આરોપમાં જેલમાં બંધ ઈન્દ્રાણી મુખર્જીનું કહેવું છે કે તપાસ બંધ કરાવવા માટે કાર્તિને લાંચ આપવામાં આવી હતી. જો આ બધું સાચું હોય તો પછી પી. ચિદમ્બરમ પણ તપાસના દાયરામાં આવશે. ખબર નહીં તેમની પૂછપરછ ક્યારે થાય છે, પંરતુ સીબીઆઇ અને ઈડીએ એ સુનિશ્ચિત કરવું જોઇએ કે કાર્તિ વિરુદ્ધ તેમની પાસે જે પણ પુરાવા છે તે અદાલત સમક્ષ ટકી શકે. તેની અવગણના ન કરી શકાય કે વગદાર લોકો વિરુદ્ધ તપાસના કેસોમાં આ બંને એજન્સીઓનો રેકોર્ડ બહુ દયનીય છે અને લોકો હજુ એ નથી ભૂલ્યા કે ટુજી કૌભાંડના શા હાલ થયા!

## ચરિત્રની સાધના

જીવન એટલે કે સંઘર્ષ એટલે કે તાકાત એટલે કે મનોબળ. મનોબળથી જ વ્યક્તિ ખુદને જાળવી રાખી શકે છે, નહિ તો કરોડોની ભીડમાં અલગ ઓળખ નથી બની શકતી. બધા જ પોતપોતાની ઓળખ માટે દોડી રહ્યા છે, બૂમો પાડી રહ્યા છે. કોઈ પૈસાથી, કોઈ પોતાની સુંદરતાથી, કોઈ વિદ્વતાથી અને કોઈ વ્યવહારથી પોતાની સ્વતંત્ર ઓળખ માટે પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ આપણે કેટલો ભ્રમ પાળે છે. ઓળખ ચરિત્ર વગર નથી બનતી. બાકી બધું અસ્થાયી છે. ચરિત્ર એટલે કે આપણું આંતરિક વ્યક્તિત્વ એક પવિત્ર આભામંડળ છે. એ સાચું કે શક્તિ અને સૌંદર્યનો સમુચિત યોગ જ આપણું વ્યક્તિત્વ છે, પરંતુ શક્તિ અને સૌંદર્ય આંતરિક પણ હોય છે અને બાહ્ય પણ હોય છે. ધર્મનું કામ છે આંતરિક વ્યક્તિત્વનો વિકાસ. તેના માટે મસ્તિષ્ક અને હૃદયને સુંદર બનાવવું અપેક્ષિત છે, જે સદ્વિચાર અને સદાચારના વિકાસથી જ સંભવ છે. તેના માટે આધ્યાત્મિક ચેતનાનો વિકાસ જરૂરી છે. આધ્યાત્મિક વ્યક્તિની આસ્થાઓ, માન્યતાઓ, આકાંક્ષાઓ અને અભિરૂચિઓ ધીરે-ધીરે પરિષ્કૃત થવા લાગે છે. ઉત્કૃષ્ટ ચિંતનથી જીવન જીવવાની રીત આવડે છે. તેનાથી અંતરમનમાં સંતોષ અને બહાર સન્માનપૂર્ણ વાતાવરણનું સર્જન થાય છે. ચરિત્ર એક સાધના છે, તપસ્યા છે. જે પ્રકારે અહંનું પેટ મોટું હોય છે, તેને રોજ કંઇકને કંઇક જોઇએ એ જ રીતે ચરિત્રને રોજ સંરક્ષણ જોઇએ અને આ બધું ફક્ત દૃઢ મનોબળથી જ પ્રાપ્ત કરી શકાય છે. સમાજમાં સંયમિત વ્યક્તિ જ સન્માનનીય છે અને તે જ સ્વીકાર્ય પણ. સંયમ જ જીવન છે. અહિંસાની પ્રતિષ્ઠા માટે સંયમ પ્રધાન જીવનશૈલીનો વિકાસ જરૂરી છે. આસક્તિ, અસંયમનું મુખ્ય કારણ છે. આસક્તિ પર વિજય પ્રાપ્ત કર્યા વગર સંયમનો વિકાસ કોઈપણ રૂપે ન થઈ શકે.

## બેપરવા કંપનીઓ

નાણાં મંત્રાલય તરફથી લગભગ સાડા નવ હજાર નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓને વધારે જોખમવાળી કંપનીઓની યાદીમાં મૂકી દેવી એ જ દર્શાવે છે કે આવી કંપનીઓ કઈ રીતે નિયમ-કાયદાના પાલન મુદ્દે બેપરવા હોય છે. આ કંપનીઓને એટલા માટે એક રીતે બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવી, કારણ કે તેમણે નક્કી સમયમાં પોતાને ત્યાં એવા અધિકારીની નિયુક્તિ નથી કરી કે જેના પર શંકાસ્પદ અને સાથે જ દસ લાખ રૂપિયાથી વધારેના લેણદેણની જાણકારી આપવાની જવાબદારી છે. આખરે જ્યારે મની લોન્ડરિંગ કાયદા અંતર્ગત નોન-બેંકિંગ કંપનીઓ માટે એવું કરવું જરૂરી હોય છે તો પછી તેની અવગણના કરવાનું કારણ શું? નાણાં મંત્રાલયનું માનીએ તો મની લોન્ડરિંગ કાયદાના એક જરૂરી નિયમનું પાલન નહિ કરનારી કંપનીઓને વધારે જોખમવાળી કંપનીઓની યાદીમાં સામેલ કરવાનો નિર્ણય આમ જનતાને એ દર્શાવવાનો છે કે તેઓ એવી કંપનીઓથી દૂર રહે. એમાં શંકા છે કે સંબંધિત કંપનીઓની યાદી જારી કરવા માત્રથી આ ઉદ્દેશ્યની પૂર્તિ થવાની છે. દૂરદરાજના વિસ્તારોમાં તો આ માહિતી પણ પહોંચવી મુશ્કેલ છે કે અમુક કંપનીઓ જોખમવાળી છે અને તેનાથી સચેત રહેવું આવશ્યક છે. બહેતર રહેશે કે નાણાં મંત્રાલય એ જુએ કે નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ પ્રત્યેક નિયમ-કાયદાનું પાલન કોઈપણ ભોગે કરે અને જો તે આનાકાની કરે તો પછી તેમના વિરુદ્ધ કોઈ કઠોર કાર્યવાહી પણ થાય. તેની જરૂરિયાત એટલા માટે છે, કારણ કે એવી જ કંપનીઓ વિશે એ શંકા છે કે તેમણે નોટબંધી બાદ કાળા નાણાંને સફેદ કરવાનું કામ કર્યું હતું. એ સામાન્ય વાત નથી કે કેટલીય કંપનીઓ વિશે એ પણ શંકા છે કે તેમણે નોટબંધી બાદ સહકારી બેંકો દ્વારા કાળા નાણાંને સફેદ કર્યું. જો કોઈ કંપની તરફથી વાસ્તવમાં એવું કરવામાં આવ્યું તો પછી તેને ફક્ત જોખમભરી કંપની ગણાવી દેવી એક રીતે પ્રતીકાત્મક કાર્યવાહી કરવાના કર્તવ્યથી હાથ ઊંચા કરવા જેવું છે. એ વિચિત્ર છે કે નોટબંધી બાદ જે રીતે એ સામે આવ્યું હતું કે કેટલીય સહકારી બેંકોએ રિઝર્વ બેંકના નિર્દેશોનું પાલન કરવાનો ઈનકાર કરતાં કાળા નાણાંને સફેદ કરવાનું કામ કર્યું એ જ રીતે હવે એ સામે આવી રહ્યું છે કે અધિકતર નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ મની લોન્ડરિંગ કાયદાના પાલન મુદ્દે સચેત નથી. પંજાબ નેશનલ બેંકમાં કૌભાંડ બાદ એ પણ જોવા મળ્યું કે કેટલીય સરકારી બેંક રિઝર્વ બેંકના નિર્દેશોનું યોગ્ય રીતે પાલન કરતી ન હતી. આ સ્થિતિ નાણાંકીય અનુશાસન અને વ્યવસ્થાપન પર સવાલ ઊભા કરે છે. આવા સવાલ જવાબદારીની કમી દર્શાવે છે. જો નાણાંકીય વ્યવસ્થાપનને દુરસ્ત કરવા સંબંધી નિયમોની અવગણના પર સખ્તાઈ ન કરવામાં આવે તો પછી અવગણના કરનાર તો વધુ લાપરવાહી રાખવાના છે. શું આવા નિયમોનો કોઈ મતલબ હોઈ શકે કે જેનું પાલન ન કરવામાં આવે? એવા સમયે જ્યારે સરકાર બેંકિંગ અને નાણાંકીય વ્યવસ્થાપન મુદ્દે ગંભીર સવાલોથી ઘેરાયેલી હોય, ત્યારે તે નિયામક સંસ્થાઓ પર દોષ નાખીને પોતાનો બચાવ ન કરી શકે.